## Our industry partners (OIP)

HITACHI Inspire the Next / HI-REL | ADITYA BIRLA UltraTech | MACONS | TATA CONSULTANCY SERVICES | SUPERNOVA | KCT Consultancy Services
WINDSOR Partner in Progress | GUJARAT STATE FERTILIZERS & CHEMICALS LTD. | RATNAMANI METALS & TUBES LTD. | suvik | VOLANSYS
Topsun Future is Secured | SHARDA MOTOR INDUSTRIES LIMITED | AMMANN Apollo | MSME TOOL ROOM - AHMEDABAD | ELITECORE TECHNOLOGIES LTD.
Motherson Sumi Systems Limited | aforeserve | INFINITY | AMTECH | Sintex We make sense. | HAITIAN INTERNATIONAL
Consistent Quality. Service. Always! | PE

## સેફ્રોની કોલેજની શૈક્ષણિક ગુણવત્તાની સરાહના



"એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજના અધ્યાપકો ભણવામાં ગંભીર અને હોશિયાર વિદ્યાર્થીઓની જરૂરતોને સમજે છે. મારા અધ્યાપકોએ મારી કોઈપણ સમસ્યામાં હંમેશા મને મદદ કરી છે અને તેનું નિરાકરણ આપ્યું છે..."

ચિંતન બોડાણા, પૂર્વ વિદ્યાર્થી, (કંપની: રિલાયંસ,
હાલનો પગાર: વાર્ષિક રૂ. ૧૧ લાખ)



"એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજે મને માત્ર ટેકનિકલ જ નહીં, વ્યવસ્થાપનના કૌશલ્યો પણ શીખવ્યા અને તેથી જ હું મારી કારકિર્દીમાં અસાધારણ રીતે આગળ વધી રહ્યો છું..."

નિકેત ગાંધી, પૂર્વ વિદ્યાર્થી, (કંપની: સેટકો ઓટોમોટીવ લિમિટેડ,
હાલનો પગાર: વાર્ષિક રૂ. ૮ લાખ)

## સ્કોલરશીપ

તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આકર્ષક સ્કોલરશીપ ઉપલબ્ધ છે. વિગતો માટે કોલેજનો સંપર્ક કરવા વિનંતી.

શંકુ વોટર પાર્ક નજીક, અમદાવાદ-મહેસાણા રોડ, મહેસાણા.
સંપર્ક : +૯૧ ૯૦૯૯૦૬૩૧૪૦ । +૯૧ ૭૦૪૬૪૬૧૦૦૦
www.saffrony.ac.in । ઇ-મેઇલ : info@saffrony.ac.in

www.abasana.in

S.P.B. PATEL ENGINEERING COLLEGE
SAFFRONY INSTITUTE OF TECHNOLOGY CAMPUS

*Educating Minds & Hearts...*

S.P.B. PATEL ENGINEERING COLLEGE
SAFFRONY INSTITUTE OF TECHNOLOGY CAMPUS

# મિકેનિકલ એન્જીનિયરીંગ

## From HOD's Desk..

મિકેનિકલ એન્જીનિયરીંગ વિભાગમાં અમારા નિરંતર પ્રયાસો વિદ્યાર્થીઓને ટેકનિકલ બાબતોમાં ઉત્કૃષ્ટ બનાવવા ઉપરાંત, તેઓમાં પ્રતિબધ્ધતા, જવાબદારી, અખંડિતતા, આત્મ-વિશ્વાસ, ટીમવર્ક, લોકો સાથે કામ પાર પાડવાની કૂશળતા, પ્રમાણિકતા વગેરે જેવા ગુણો અને શક્તિઓ બહાર લાવવામાં મદદ કરીને તેઓને રોજગાર લાયક બનાવવાની દિશામાં રહે છે જે વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક બંને જીવનમાં ઉપયોગી થઇ શકે.

અમારે ત્યાં પૂર્ણ યોગ્યતા ધરાવતા સમર્પિત તેમજ મહેનતુ અધ્યાપકો છે જેઓ શૈક્ષણિક અધ્યયન, SAE-INDIA બહા, રોબોકોન, એરો-ડિઝાઈન ચેલેન્જ, મેગા ATV ચેમ્પીયનશીપ તેમજ હેકાથોન જેવી રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં વિવિધ પાઠ્યક્રમ તેમજ તેને સંલગ્ન પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વૈચારિક તેમજ વ્યવહારુ જ્ઞાન આપે છે જેથી તેઓ ખરા અર્થમાં સારા ઈજનેર બની શકે.

મિકેનિકલ એન્જીનિયરીંગ એક સદાબહાર વિદ્યાશાખા છે જે સુરક્ષા, આર્થિક તાકાત, આનંદ તેમજ એકંદર જીવન ગુણવત્તા વધારી આપે છે. આ શાખા એક નાનકડી પિનથી માંડી જેટ એન્જીન સુધીના યંત્રોના ઉત્પાદનમાં ઈજનેરી, ભૌતિક વિજ્ઞાન અને તેના સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. મિકેનિકલ ઈજનેરો આપણી આસપાસ દેખાતા તમામ ઉદ્યોગોમાં ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને પરીક્ષણ, સંશોધન, જાળવણી, મરામત, અને બીજી ઘણી બાબતોના કાર્યો કરે છે.

આ સૌથી શ્રેષ્ઠ વિદ્યાશાખાઓમાંની એક છે કેમકે, રોજબરોજના જીવનમાં આપણે જે કોઈ ચીજોનો ઉપયોગ કરીએ છીએ તે તમામમાં મિકેનિકલ ઈજનેરીના સિદ્ધાંતોનો ઉપયોગ થયેલો હોય છે. મિકેનિકલ એન્જીનિયરીંગને ઈજનેરીની તમામ શાખાઓની માતા તરીકે ઓળખવામાં આવે છે. મોટાભાગના ઉદ્યોગોમાં મિકેનિકલ એન્જીનિયરને ખુબ સારી નોકરીના અવસરો પ્રાપ્ત થાય છે. ભારત સરકાર "મેઇક ઇન ઇન્ડિયા" અભિયાનને વેગ આપી રહી હોવાથી મિકેનિકલ ઈજનેરો માટે રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થવાની છે.

તો હવે રાહ કોની જુઓ છો?!! આવો, આ કોલેજમાં પ્રવેશ મેળવો અને ડિઝાઈન, ડેવલપમેન્ટ તેમજ ઉત્પાદનની ક્રાંતિના હિસ્સારૂપ બનો!!

સેફ્રોની ખાતે મિકેનિકલ એન્જીનીયરીંગમાં પ્રવેશ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓ આવકાર્ય છે અને સહુને એકવાર અમારું કોલેજ કેમ્પસ નિહાળવા અને આ મિકેનિકલ ઈજનેરીનો માનવ-જીવન પરિવર્તનમાં કેટલો હિસ્સો છે તે જાણવા માટે પધારવાનું હૃદયપૂર્વકનું નિમંત્રણ છે.

**શ્રેષ્ઠ શુભકામનાઓ સાથે,**
**વિભાગીય વડા,**
**મિકેનિકલ એન્જીનિયરીંગ વિભાગ**

### વિદ્યાર્થીઓને સર્વાંગી કેળવણી આપવા માટેની વિવિધ પ્રવૃત્તિઓની એક ઝલક



# મિકેનિકલ એન્જીનિયરીંગ વિદ્યાશાખામાં શા માટે એડમિશન લેવું જોઈએ?

- ભારત સરકાર "મેઇક ઇન ઇન્ડિયા" અભિયાનને વેગ આપી રહી હોવાથી દેશમાં ઉત્પાદનના ક્ષેત્રે જંગી વિદેશી મૂડીરોકાણ આવી રહ્યું છે.
- એક સરકારી અહેવાલ પ્રમાણે, આગામી ૨૦૨૫ની સાલ સુધીમાં રૂ. ૬૫ લાખ કરોડના કદ સુધી પહોંચવાની ભારતના ઉત્પાદન ઉદ્યોગની ક્ષમતા છે. નોકરીઓમાં આનો સીધો લાભ કોને મળશે? સ્વાભાવિક રીતે જ મિકેનિકલ ઈજનેરોને!
- આપણા દેશની જાહેર ક્ષેત્રની CSIR, CPRI, IGCAR, ડીઆરડીઓ, ઇસરો જેવી સંસ્થાઓ સંશોધન માટે ડિગ્રીધારી ઈજનેરોને બહુ મોટી સંશોધનની તકો 'ઓફર' કરે છે.
- હાલમાં, કંપનીઓ અત્યંત ઉચ્ચ અને છેલ્લામાં છેલ્લી રોબોટીક્સ ટેકનોલોજીના ઉપયોગ ક્ષેત્રે અનેકવિધ સંશોધનો કરી રહી છે જેને કારણે મિકેનિકલ ઈજનેરો માટે લાખો રોજગારીઓનું સર્જન થશે. તમારા રોજીંદા બધા કામો રોબોટિક કીડીઓનું એક જૂથ કરી રહ્યું હોય એવી જરા કલ્પના તો કરી જુઓ..!!
- તેજસ્વી અને હોશિયાર મિકેનિકલ ઈજનેરોને તાતા, રિલાયંસ, સુઝલોન, સિમેન્સ, કેટરપિલર જેવી મોટા ગજાંની કંપનીઓ તુરત જ નોકરીએ રાખી લે છે. મોટાભાગની કંપનીઓમાં ડિગ્રીધારી ઇજનેરોના પગારની શરૂઆત વર્ષે રૂપિયા પાંચ લાખ કે તેથી વધુથી થાય છે. માત્ર ડિપ્લોમા એન્જીનિયરીંગ કરેલું હોય તો આટલા ઊંચા પગારની અને આવી મોટી કંપનીઓમાં નોકરી મળી શકે નહીં.
- ટેસ્લા મોટર્સ જેવી ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરતી મોટી કંપનીઓ ભારતીય બજારમાં પ્રવેશી રહી હોવાથી ડિગ્રીધારી ઈજનેરોની માંગ વધવાની જ છે. 'ટેસ્લા' ડિગ્રીધારી ઈજનેરોને વાર્ષિક રૂ. ૬૦ લાખથી વધુ પગાર આપે છે.
- મિકેનિકલ એન્જીનિયરીંગમાં ડિગ્રી હાંસલ કર્યા પછી કોઈપણ વિદ્યાર્થી ઓટોમોબાઈલ, પ્રોડક્શન, ડિઝાઈન, ક્રાયોજેનીક્સ, રીન્યુએબલ એનર્જી, એરોસ્પેસ વગેરે જેવી બહુવિધ વિદ્યાશાખાઓમાં પોતાની કારકિર્દી બનાવવાની તકો મળે છે.
- જરા વિચારો, તમે કોઈ કંપનીમાં જુનિયર કક્ષાએ નોકરી મેળવીને પછી જીવનભર એ જ કક્ષાએ રહેવાનું પસંદ કરશો? ડિગ્રી એન્જીનિયરીંગ ભણવાથી તમે કોઈપણ સારી, મોટી કંપનીમાં ઉચ્ચ હોદ્દા માટે લાયક બનો છો.
- શું તમે માત્ર પાંચ-દસ હજારની નોકરી કરીને સંતોષ માનવા માગો છો કે, તાતા, મહિન્દ્રા, રિલાયંસ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓથી તમારી કારકિર્દી શરુ કરવાનું પસંદ કરશો?
- ખાનગી અને જાહેર ક્ષેત્રની ટોચની કંપનીઓ ડિપ્લોમાધારી ઈજનેરોની સરખામણીએ ડિગ્રીધારી એન્જીનિયરોને વધુ પસંદ કરે છે. ડિગ્રી એન્જીનિયરીંગ પછી, તમે ઇન્ડિયન એન્જીનિયરીંગ સર્વિસ – IES પરીક્ષા પસાર કરીને કેન્દ્ર સકારની નોકરીમાં જોડાઈ શકો છો; ડિપ્લોમા-ધારકોને આવી તક મળતી નથી.
- ડિગ્રી એન્જીનિયરીંગ ભણ્યા વિના તમે સરકારી નોકરીમાં ક્યારેય 'ક્લાસ વન ઓફિસર' બની શકતા નથી.

# ડિગ્રી એન્જીનિયરીંગ – ડિપ્લોમા ઈજનેરોની શ્રેષ્ઠ પસંદગી!

- ડિગ્રીધારી એન્જીનિયરો જેવી ઊંચા પદ અને પગારની નોકરી મેળવવાનું ડિપ્લોમા ઈજનેરો માટે  ખુબ જ મુશ્કેલ હોય છે.
- માત્ર ડિપ્લોમાના આધારે સરકારી નોકરીમાં ક્લાસ વન ઓફિસર થવાનું શક્ય જ નથી; સ્નાતક ડિગ્રી અનિવાર્ય છે!
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે કે 'પરમેનેન્ટ રેસીડેન્ટ' - PRનો દરજ્જો મેળવવાની તકો ડિગ્રી એન્જીનિયરીંગ ભણ્યા પછી અનેકગણી વધી જાય છે. ડિપ્લોમા ઈજનેર માટે PR તદ્દન અશક્ય છે.
- ડિગ્રી એન્જીનિયરીંગનું ભણતર તમારા સૈધાંતિક તેમજ વ્યવહારુ બંને પ્રકારના જ્ઞાનને સમૃદ્ધ બનાવે છે અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉચ્ચ પદ અને પગારની જોબ માટે તમને સંપૂર્ણ રીતે તૈયાર કરે છે.

જરા વિચારો કે, ડિગ્રી ઈજનેરીના ભણતરનો નિર્ણય નહીં કરવાથી તમારી કારકિર્દી અને ભાવિ જીવનનું કેટલું નુકસાન થશે...
ટૂંકમાં કહીએ તો, જો તમે તમારી ઉજ્જવળ કારકિર્દી ઘડવા વિષે ગંભીર હો તો, તમારું હવે પછીનું પગલું ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ લેવાનું જ હોવું જોઈએ!

...અને, ઉત્કૃષ્ટ એન્જીનિયર બનવા માટે પસંદ કરવી જોઈએ એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજ (સેફ્રોની)!

**કેમકે, અમે તમારી મહત્વાકાંક્ષાઓને સારી રીતે સમજીએ છીએ!**

# અમારી લેબોરેટરીઓની એક ઝાંખી

અમે ગૌરવપૂર્વક કહી શકી છીએ કે, અમારી કોલેજની લેબોરેટરીઓ સમગ્ર ઉત્તર ગુજરાતની તમામ ઈજનેરી કોલેજોમાં શ્રેષ્ઠતમ છે.



